જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૭/૧/૨૦૧૭ મંગળવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી નં.૧૧૭/૧૭**

**(૧)**

**"અમદાવાદ શહેરમાં લુંટ તેમજ ઘરફોડ કરવાનો પ્લાન બનાવી તેને અંજામ આપવા સારુ મોટરસાઈકલ ચોરી કરનાર મધ્યપ્રદેશના ભીંડ જીલ્લાના બે આરોપીઓને ઘરફોડ,લુંટને અંજામ આપતા પહેલા ઝડપી પાડી અમદાવાદ શહેરમાં મોટા ગુન્હા બનતા અટકાવતી ક્રાઈમ બ્રાન્ચ"**

અમદાવાદ શહેર વિસ્તારમાં મિલકત સબંધી બનતા ગુન્હાઓ શોધી કાઢવા સારુ સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી જે.કે.ભટ્ટ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી દિપન ભદ્રન સાહેબ નાઓએ આપેલ સુચના અનુસંધાને મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી રાજદીપસિંહ ઝાલા સાહેબનાઓના માર્ગદર્શન હેઠળ એન્ટી પ્રોપર્ટી સ્ક્વોડ-૧ ના પોલીસ સબ ઈન્સપેક્ટર બી.એચ.કોરોટ સાથેના સ્ટાફના માણસો સાથે અમદાવાદશહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન ઠક્કરબાપા નગર થી નિકોલ ગામ તરફ જતા રોડ ઉપર ખોડીયાર જ્યોત સોસાયટી પાસેથી બાતમી હકીકત આધારે (૧) બેતાલસિગ ઉર્ફે વિશાલ એસ/ઓ ગંધર્વસિંગ જાટવ ઉ.વ.૨૪ રહે.હાલ સંતોષભાઈ રાઠવાના મકાનમાં રામદેવ ટેકરા ઠક્કરબાપા નગર અમદાવાદ મુળ વતન ગામ સિમકા તા. ગોહદ જી.ભીંડ મધ્ય પ્રદેશ (૨) હાકીમ એસ/ઓ સુરતરામ કુશવા ઉ.વ.૨૪ રહે. હાલ વેલજીભાઈના કુવા પાસે રબારીની ચાલીમાં મોટેરા ચાંદખેડા અમદાવાદ મુળ રહે. ગામ ગોહદી તા. ગોહદ જી.ભીંડ મધ્યપ્રદેશ નાઓને ચોરીના હીરો હોન્ડા પેશન પ્રો મો.સા.GJ-01-NQ-1269 સાથે પકડી પાડેલ અને તેઓની સઘન પુછપરછ કરતા તેઓએ ગઈ તા.૧૫/૧/૧૭ ના રોજ રાત્રીના સાડા નવેક બાદ આ મો.સા. કે.કે.નગર પાસેથી ચોરી કરેલાની કબુલાત કરેલ છે અને આ સિવાય તેઓ પાસેથી તપાસ દરમ્યાન બીજી એક મો.સા. હોન્ડા ટ્વીસ્ટર GJ-1 NA-460 પણ મળી આવેલ જે મો.સા.પણ નિકોલ ખાતે આવેલ સરદાર મોલ પાસેથી આજથી આશરે ત્રણેક દીવસ પહેલા આરોપી બેતાલ નાઓએ પોતાની સાથેના બીજા માણસો સાથે મળી પાર્કીંગમાંથી ચોરી કરેલાની કબુલાત કરેલ છે જેમાં હીરો હોન્ડા પેશન પ્રો મો.સા.GJ-01-NQ-1269 સબંધે ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફ.ગુ.ર.નં.૦૮/૧૭ ઈ.પી.કો.૩૭૯, મુજબનો ગુન્હાનો દાખલ થયેલ છે અને તેમજ ટ્વીસ્ટર મોસા. ચોરી સબંધે નિકોલ પો.સ્ટે.ફ.૦૯/૧૭ ઈ.પી.કો.૩૭૯ મુજબનો ગુન્હો રજી. થયેલ છે સદરી પકડાયેલ બંને આરોપીઓ પાસેથી મોટરસાઈકલ ચોરી કરવાના સાધનો જેવા કે, પાના, પક્કડ, એલંકી પાના, એલંકીમાં બનાવેલ માસ્ટર કી, હાથમાં પહેરવાના રબ્બરના મોજા, મોઢે પહેરવાના માસ્ક પણ મળી આવેલ છે અને **આરોપીની સઘન પુછપરછ કરતા જણાવે છે કે પોતે અમદાવાદ શહેરમાં લુંટ તેમજ ઘરફોડ કરવાનો પ્લાન બનાવેલ હતો અને જે કામને અંજામ આપવા સારૂ ઉપયોગમાં લેવા આ મો.સા.ની ચોરી કરેલાની કબુલાત કરેલ છે** જે આરોપીઓ બાબતે આગળની વધુ તપાસ પો.સ.ઈ.શ્રી બી.એચ.કોરોટ ચલાવી રહેલ છે સદરહુ આરોપીઓનો હાલમાં કોઈ ગુનાહીત ભુતકાળ જણાઈ આવેલ નથી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**(૨)**

**<u>પિસ્ટલ અને કારતુસ સાથે આરોપીની ધરપકડ કરતી અમદાવાદ ક્રાઇમબ્રાંચ</u>**

ક્રાઇમ બ્રાન્ચ, અમદાવાદ શહેરના સંયુકત પોલીસ કમિશ્નરશ્રી જે.કે.ભટ્ટ સાહેબ, નાયબ પોલીસ કમિશ્નર શ્રી દીપન ભદ્રન સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી ડો.રાજદીપસિંહ ઝાલા સાહેબ નાઓના માર્ગદર્શન અને સુપરવિઝન હેઠળ એન્ટી ઓર્ગેનાઇઝડ ક્રાઇમ સેલના પો.ઇન્સ.શ્રી કે.જી.ચૌધરી તથા પો.સબ.ઇન્સ.શ્રી કે.આઇ. જાડેજા નાઓની ટીમને મળેલ બાતમી આધારે મોહસીનખાન ઉર્ફે મણીયા સ/ઓ રસીદખાન પઠાણ ઉ.વ.૨૮ રહે. - મ.નં. ૨૮,પ્રભુદાસ એસ્ટેટ, કબાડી માર્કેટ નં.૪ ની સામે, દાણીલીમડા, અમદાવાદનાને મ.નં. ૨૮, પ્રભુદાસ એસ્ટેટ, કબાડી માર્કેટ નં.4 ની સામે, દાણીલીમડા,અમદાવાદનો પોતાના રહેણાક ઘર આગળ જાહેરમાંથી (૧) પિસ્ટલ નંગ-1 કિ.રૂ.૫૦૦૦/ (2) કારતુસ નંગ-૫ કિ.રૂ.૫૦૦/ મળી કુલ કિ.રૂ.૫૫૦૦/ મળી આવતા કાયદેસરની કાર્યવાહી કરેલ છે આ ગુનાની વધુ તપાસ પો.સબ. ઇન્સ.શ્રી કે.આઇ.જાડેજા ક્રાઇમબ્રાંચ નાઓને સોપવામા આવેલ છે. ઉપરોકત આરોપીની પુછપરછ માં પોતે ફિલ્મોથી પ્રેરીત હોય જેથી પિસ્ટલ તથા કારતુસ રાખવાનો પોતાને શોખ હતો અને તે શોખ પુરો કરવા પોતે પોતાની સાસરી જયપુર ખાતે ગયેલ હતો અને ત્યાં પોતાના મિત્ર મુમતાજ શેખને વાત કરતા આ મુમતાજ શેખની મદદથી મુમતાજ શેખના મિત્ર રહે, સવાઇ માધોપુર રાજસ્થાન પાસેથી આ પિસ્ટલ તથા કારતુસ રૂ.૩૫,૦૦૦/ માં ખરીદ કરી અમદાવાદ લઇ આવેલ હોવાની હકીકત જણાવેલ છે, જે સબંધે આરોપીની વધુ તપાસ હાથ ધરવામાં આવેલ છે.

અગાઉ ઉપરોકત આરોપી જુગારધારા હેઠળ બે કેસમાં દાણીલીમડા પોલીસ સ્ટેશનમાં પકડાયેલ છે.

**(3)**

**<u>સેન્ટ્રો કારમાં ગેર કાયદેસર ઇગ્લીશ દારૂનો જથ્થો ભરી લાવનાર એક આરોપીઓને ઝડપી પાડતી અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચ</u>**

અમદાવાદ શહેર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે અને ગુજરાત સરકાર દ્વારા દારુની બંધીનો નવો વટ હુકમ બહાર પાડવામાં આવેલ છે જે અનુસંધાને દારૂ બંધીનો ચુસ્તપણે અમલ થાય તે સારૂ પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓની સુચના અનુસાર કડક કાર્યવાહી કરવા સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી જે.કે.ભટ્ટ સાહેબ નાઓએ આપેલ સુચના અનુસાર નાયબ પોલીસ કમિશ્નર શ્રી દિપન ભદ્રનસાહેબ નાઓએ પ્રોહીબીશનનાં કેશ કરવા સારૂ આપેલ સુચના મુજબ મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી ડૉ. રાજદિપસિહ ઝાલા સાહેબ નાઓનાં માર્ગદર્શન હેઠળ એન્ટી પ્રોપર્ટી સ્કવોડ-૧ ના પોલીસ સબ ઈન્સપેક્ટરશ્રી બી.એચ.કોરોટનાઓ તેમનાસ્ટાફના માણસો સાથે અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીગમાં હતાં તે દરમ્યાન મળેલ બાતમી હકિકત આધારે નાના ચીલોડારીગ રોડ સર્કલ થી આગળ નરોડા તરફના રોડ ઉપર આવેલ ટોયોટા ત્રણ રસ્તા ઉપરથી (૧) દિપક ભીખાભાઈ ઈન્દ્રેકર ઉ.વ.૩૦ રહે.ધનાસિંધીના મકાનમાં માચીસ ગલી બંગલા એરીયા કુબેરનગર અમદાવાદ નાઓને પકડી અટક કરવામાં આવેલ અને તેની પાસેની સેન્ટ્રો કાર નં. GJ-01-HD-205 માં ગેરકાયદેસરનો પરપ્રાંતનો ઇગ્લીંશ દારૂની બોટલ નંગ-૨૨૬



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

તથા બિયરની ટીન તથા બોટલો મળી નંગ-૩૮૯મળી કુલ કિ.રૂ.૬૨,૧૦૦/- તથા સેન્ટ્રો કાર તથા બે મોબાઇલ ફોન તથા અંગ જડતીનાં નાણા મળી કુલે કિ.રૂ.૧,૫૦,૪૦૦/- ના મતાનો મુદામાલ કબજે કરી કાયદેસર કાર્યવાહી કરવામાં આવેલ છે.

આ કામે પકડાયેલ આરોપી દિપક ભીખાભાઈ ઈન્દ્રેકરની પુછપરછ કરતાં સદરી દારુ પોતાના સહ આરોપી મયુર બજરંગે સાથે મળી રાજસ્થાન બિચ્છુવાડા ખાતેથી ઇગ્લીશ દારૂનો જથ્થો ભરી લાવેલ અને મયુર બજરંગે આ દારુનુ ચોરી છુપીથી વેચાણ કરે છે જે મયુર બજરંગેની તપાસ ચાલુ છે અને આ પકડાયેલ આરોપી દીપકભાઈ નાઓ અગાઉ અમદાવાદ શહેર વિસ્તારના અલગ અલગ પોલીસ સ્ટેશનના આશરે ૨૦ જેટલા ગાડીઓના કાચ તોડી ચોરી કરવાના ગુન્હામાં પકડાયેલ છે સદરી આરોપીની વધુ તપાસ પો.સ.ઈ.શ્રી બી.એચ.કોરોટ ચલાવી રહેલ છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)